દાખલ તારીખ :–	૨૭/૦૪/૨૦૨૬
નોંધ્યા તારીખ :–	૨૭/૦૪/૨૦૨૬
ફેંસલ તારીખ :–	૩૧/૦૭/૨૦૨૬
સમયગાળો :–	૦૦વર્ષ–૦૩માસ–૦૪દિવસ

અંકલેશ્વરના મે. ત્રીજા.એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
મું.અંકલેશ્વર.

ફોજદારી કેસ નંબર : ૧૯૮૪/૨૦૨૬
આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર...

–:: વિરૂધ્ધ ::–

આરોપી :– ભવદીપસીંહ મનોજસીંહ પરમાર
રહે. રાજપુત ફળીયુ, જુના તવરા, તા.જી.ભરૂચ.

ગુનો :– **બી.એન.એસ ની કલમ– ૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.કે.એમ.દેસાઈ
આરોપી તરફે વિ.વ.શ્રી.ડી.બી.ઠાકોર

ઠ રા વ

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુકમાં એવી છે કે, આ કામના આરોપી મહિન્દ્રા કંપનીની થાર ગાડી નં.GJ-16-CS-9825 ના ચાલકે પોતાના

કબજાની થાર ગાડી સારંગપુર તરફથી ઝઘડીયા તરફ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી હીરો કંપનીની સ્પેન્ડર મો.સા.નં .GJ-16-CR-6567 ની જીતાલી ફાટક પાસે રોડ કોસ કરી સારંગપુર ગામ તરફ જતા હોય તે વખતે રોડ ક્રોસ કરતા આરોપી થાર ગાડીના ચાલકે ફરીયાદીની મો.સા સાથે એકસીડન્ટ કરી ફરીયાદીને શરીરે થાપાના ભાગે ફેકચર કરી તેમજ શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ રોડની સાઈડે પાર્ક કરેલ રીક્ષા સાથે એકસીડન્ટ કરી નુકશાન પહોચાડી બી. એન. એસ. કલમ–૨૮૧ , ૧૨૫ (એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે તેની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૦૪ થી આરોપીની ઉપરોકત ગુના અંગેની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

–:: <u>મૌ ખિ ક/ દસ્તાવેજી પુ રા વો</u> ::–

અનુ.નં.	વિગત	આંક
૧	ફરીયાદી સોકતભાઈ ઉસ્માનભાઈ મન્સુરીની જુબાની	૦૫
૨	ફરીયાદ	૦૬
૩	ગુનાવાળી જગ્યાનું પંચનામુ	૦૭
૪	મેડીકલ સારવારનુ પ્રમાણપત્ર	૦૮
૫	એમ.એલ.સી પ્રમાણપત્ર	૦૯
૬	સાહેદ ગજેન્દ્રસીંગ માનસીંગની જુબાની	૧૨

(૪) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.ની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. જેની જરૂર જણાયે કારણોમાં ચર્ચા કરવામાં આવશે.

(૫) સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી મહિન્દ્રા કંપનીની થાર ગાડી નં.GJ-16-CS-9825 ના ચાલકે પોતાના કબજાની થાર ગાડી સારંગપુર તરફથી ઝઘડીયા તરફ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી હીરો કંપનીની સ્પેન્ડર મો.સા.નં .GJ-16-CR-6567 ની જીતાલી ફાટક પાસે રોડ કોસ કરી સારંગપુર ગામ તરફ જતા હોય તે વખતે રોડ ક્રોસ કરતા આરોપી થાર ગાડીના ચાલકે ફરીયાદીની મો. સા સાથે એકસીડન્ટ કરી ફરીયાદીને શરીરે થાપાના ભાગે ફેકચર કરી તેમજ શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ રોડની સાઈડે પાર્ક કરેલ રીક્ષા સાથે એકસીડન્ટ કરી નુકશાન પહોચાડી બી.એન.એસ.કલમ–૨૮૧ , ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

કા ર ણો

(૭) **<u>મુદ્દા નં. ૧ અને ૨ ની સંયુકત ચર્ચા</u>** ::–

સદર કામમાં બંને મુદાઓ એકી સાથે સુસંગત હોય તેની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે. આ કામમાં ફરીયાદ પક્ષનાઓએ તેઓનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી સોકતભાઈ ઉસ્માનભાઈ મન્સુરીને આંક–૫ થી સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ચારેક મહીના અગાઉ આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં મદની નગરથી આગળ જીતાલી ગામવાળી સડક ક્રોસ કરી રાજપીપળા રોડ ક્રોસ કરવા જતા સારંગપુર તરફથી એક ફોરવ્હીલ કાર એ મારી મો.સા.ને અડફેટમાં લેતા અને રોડની સાઈડમાં પાર્ક કરેલી રીક્ષા સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં મને થાપાના ભાગે ફેકચર થયેલુ અને તેની સારવાર જયાબેન મોદી હોસ્પીટલમાં કરાવેલ તે બાબતની ફરીયાદ મેં આપેલી. મને કોર્ટના રેકર્ડમાંથી ફરીયાદની કમ્પેર નકલ બતાવવામાં આવતા તેમાં ફરીયાદી તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક– ૦૬ આપવામાં આવે છે. સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય

સદર ફરીયાદી બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, એ વાત ખરી છે કે આ કાર કોણ ચલાવતુ હતુ તે મેં જોયેલુ નહી.

(૮) ફરીયાદ પક્ષ તરફે સાહેદ ગજેન્દ્રસીંગ માનસીંગની જુબાની ને આંક– ૧૨ થી સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે ત્રણેક મહિના અગાઉ હું મારી

રીક્ષા નંબર જીજે–૧૬–એએકસ–૦૨૩૧ જીતાલી ફાટક પાસે પાર્ક કરી સાઈડમાં ઉભેલો હતો તે વખતે બપોરના ૧૨:૩૦ના સુમારે એક મો.સા.જીતાલી ફાટકથી સારંગપુર ગામ તરફ જતો હોય તે વખતે મો.સા. રોડ ક્રોસ કરતા કાર ચાલકે અકસ્માત કરેલ અને આ અકસ્માત બાદ આ કાર ચાલકે મારી સાઈડમાં ઉભેલી રીક્ષાને પણ અથાડી દીધેલ તેમાં આગળના પાછળના ભાગે કાચમાં નુકસાન થયેલ મને કંઈ વાગેલ નહી. પરંતુ આ કેસમાં મારે આગળ ચલાવવુ ના હોય મેં નુકસાન માટે કોઈ કેસ કરેલ નથી.

સદર સાહેદની ઉલટ તપાસ કરતા તેઓ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવમાં મને કોઈ ઈજા થયેલી નથી.

(૯) હવે આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાની અને કાયદાકીય જોગવાઈની એક સાથે ચર્ચા કરી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષે આંક–૫ થી ફરીયાદીને તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની ઉલટતપાસ સહીત વંચાણે લેવામાં આવે તો, કાર કોણ ચલાવતુ હતુ તે તેમને જોયેલ ન હોય તેવી જ રીતે આંક– ૧૨ થી તપાસેલ સાહેદ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે કે બનાવમાં તેમને કોઈ ઈજા થયેલ ન હોય. આમ,સદર ફરીયાદી તથા સાહેદના પુરાવાથી આ કામના આરોપીએ જ બનાવ સમયે તેમના કબજામાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અને ફરીયાદીના ભાઈને ટકકરમારી, મરણજનારને ઈજાઓ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ફરીયાદપક્ષે એકસીડન્ટ કેસમાં ગભલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટે ફરીયાદપક્ષે પુરવાર કરવા જરુરી છે તે અંગે કાયદાની પરિસ્થિતિ શું છે તે જાણવું અગત્યનું છે.

Rash and negligent driving : burden of proof :merely because the driver was driving the vehicle at a high speed does not lead to an inference that the vehicle was driven either negligently or rashly . Burden lies on the prosecution to bring on material to establish the negligent or rash driving , in the absence of any material on record , no presumption of 'rashness' or 'negligence be drawn by invoking the maxim"res ipsa loquitur"to held the accused guilty.

આમ, સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો, સદર કામે અકસ્માતનો બનાવ બનેલ હોવાનું ફલીત થાય છે. પરંતુ સદર કામે આરોપીની બેદરકારી અને ગફલતના કારણે બનેલ હોવાનું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી. ફરીયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી બનાવ હાલના આરોપીની બેદરકારી કે નિષ્કાળજીના કારણે થયેલ હોય અથવા તો બનાવ સમયે હાલના આરોપી અકસ્માત વાળુ વાહન ગફલતભરી રીતે ચલાવતા હોય કે આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોય તેવી હકીકત ફલીત થતી ન હોય સદર દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરુપ થઈ શકે તેમ ન હોય તેની વિશેષ ચર્ચા કરવી જરુરી જણાતી નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત

મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે, જેથી ઉપર મુજબ મુદ્દા નં .૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

–:: <u>હુકમ</u> ::–

(૧) આ કામના આરોપી ભવદીપસીંહ મનોજસીંહ પરમાર રહે. રાજપુત ફળીયુ, જુના તવરા,તા.જી.ભરૂચ. ને બી.એન.એસ ની કલમ– ૨૮૧, ૧૨૫(એ) , ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ જાહેર ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી તર્ફે અગાઉ જામીન ચાલુ રાખવા પુરશીશ આપવી અન્યથા નવા જામીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (એ) હેઠળ આરોપીએ રૂા. ૫૦૦૦/– ના જાત મુચરકો તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

આ હુકમ આજ **તા.૩૧ મી,** માહે **જુલાઈ,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૩૧/૦૭/૨૦૨૫

(વી.વી. શુકલા)
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર
કોડ નં.જી.જે.૦૧૩૪૩

(STENO: P.J.PANARA)